R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ

પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 43 DATE: 27-10-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## સુપ્રીમ કોર્ટે દિપાવલી અને અન્ય તહેવારોના અવસરે અમુક કલાક જ ફટાકડા ફોડવા માટેનો આદેશ જારી કર્યો

સુપ્રીમ કોર્ટે દિપાવલી અને અન્ય તહેવારોના અવસરે અમુક કલાક જ ફટાકડા ફોડવા માટેનો આદેશ જારી કર્યો છે.જો કે પર્યાવરણની સુરક્ષા માટે આ એક મહત્વપુર્ણ અને લોકો માટે રાહતરુપ ચુકાદો છે.દેશભરમાં ગ્રીન દિવાળીના અભિગમને પ્રોત્સાહન આપવા માટે સુપ્રીમો રાત્રિના આઠથી દસ વાગ્યા સુધી જ ફટાકડા ફોડવાની છુટ આપી છે.આ ઉપરાંત ધુમાડા અને ધ્વનિની મંજુરીપાત્ર મર્યાદાનું ઉત્પાદન અને વેચાણને પણ મંજુરી મળી ગઈ છે.

વાયુ પ્રદુષણ પર નિયંત્રણના હેતુથી દેશમાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ માટે કરવામાં આવેલી અરજી પર આ આદેશ આપવામાં આવ્યા છે.કોર્ટે કેન્દ્રને કહ્યુ છે કે તે દિવાળી અને તહેવારોના અવસરે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની વિસ્તારમાં સામુદાયિક રીતે ફટાકડા ફોડવાના અભિગમને પ્રોત્સાહન આપે.આ મામલે આકરુ વલણ દર્શાવતાં કોર્ટે કહ્યુ હતું કે જો પ્રતિબંધિત ફટાકડા ફોડવામાં આવે તો તેવી સ્થિતિમાં વિસ્તારના પોલીસ સ્ટેશનોના પોલીસ અધીકારીઓ જવાબદાર હશે.

ઉલ્લેખનીય છે કે અગાઉ સુપ્રીમ કહ્યુ હતું કે દારુખાનાના વેચાણ પર પ્રતિબંધના કિસ્સામાં તેને બનાવનારાની આજીવિકાના મુળભુત અધિકારો અને દેશની ૧૨૫ કરોડથી વધુ લોકોના આરોગ્યના અધિકારો સહિત વિવિધ પાસાઓને ધ્યાનમાં લેવાનું રહેશે. જસ્ટીસ એ.કે.શીકરી



અને જસ્ટીસ અશોક ભુષણની બેન્ચે મંજુરીપાત્ર મર્યાદાથી વધુ પ્રદુષણ ઓકતા ફટાકડાના વેચાણ કરવાથી ફ્લિટકાર્ડ અને એમેઝોન જેવી ઈ-કોમર્સ વેબસાઈટ પર નિયંત્રણ મુક્યા છે.

કોર્ટે કહ્યુ હતું કે પેટ્રોલિયમ અને એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઈઝેશન દ્વારા ધ્વનિ અને ધુમાડાની મંજુરીપાત્ર મર્યાદાને લીલી ઝંડી અપાશે.બેન્ચે ઉમેર્યું હતું કે ઈ-કોમર્સ વેબસાઈટ જો કોર્ટના નિર્દેશોનું પાલન નહી કરે તો તેમની સામે કોર્ટના અનાદર બદલ પગલાં ભરાશે.ડેસિબલ ધ્વનિની મંજુરીપાત્ર ડેસીબલની મર્યાદા સાથેના ફટાકડાને માર્કેટમાં વેચવાની મંજુરી અપાશે.કોર્ટે કહ્યુ હતું કે બંધારણની કલમ ૨૧માં આપવામાં આવેલા જીવનના અધિકાર તમામ પક્ષકારો પર સમાનરીતે લાગુ પડે છે. અને ફટાકડા પર દેશવ્યાપી પ્રતિબંધ મુકવાના અનુરોધ પર વિચાર કરતી વેળાએ તેમાં સમતુલા જાળવવાની જરુર છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ ગત વર્ષે નવ ઓકટો. દિવાળી અગાઉ ફટાકડાના વેચાણ પર અસ્થાયી પ્રતિબંધ મુકી દીધો હતો.પરંતુ કોર્ટે વેપારીઓની અરજી નકારીને ૧૯ ઓક્ટો. ૨૦૧૭ના પોતાના આદેશમાં કોઈપણ પ્રકારની રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમે લોકો પર ફટાકડાની અસર અને પ્રદુષણને અંકુશમાં રાખવાના પગલાં વિશે જણાવવાની સુચના આપી હતી.ફટાકડાના ઉપયોગ પર સંપુર્ણ પ્રતિબંધ ન મુકવો જોઈએ અને તેના બદલે તેના પર નિયંત્રણ લાવવું જોઈએ. તેમની દલીલ હતી કે ફટાકડા વાયુ પ્રદુષણમાં વધારા માટેનું કારણ નથી.તે માટે પવન અને તાપમાન જેવા અન્ય પરિબળો પણ જવાબદાર છે.જો કે ફટાકડા ફોડવા માટે સમય મર્યાદાનું પાલન નહી કરનારને માટે સજાપાત્ર વ્યવસ્થા હોવી જોઈએ તો નિયંત્રણ થશે.

## શબરીમાલામાં શાંતિ હડોળવાનું ષડયંત્ર સંઘનું છે :કેરળના મુખ્યમંત્રી પીનરાઇ વિજયન

કેરળના મુખ્યમંત્રી પીનરાઈ વિજયને શબરીમાલામાં હિંસક પ્રદર્શનને લઈને ભાજપ અને આરએસએસ પર પ્રહારો કર્યા હતા.શબરીમાલા મંદિરમો ભગવાન અપ્પયાના દર્શન માટે તમામ ઉંમરની મહિલાઓને મંદિરમાં પ્રવેશવાની અનુમતિ સુપ્રીમ કોર્ટે આપી હતી અને તેના સંદર્ભે રાજ્યમાં હિંસક પ્રદર્શન થઈ રહ્યા છે.મુખ્યમંત્રી વિજયને મીડીયા સાથેની વાતચીતમાં કહ્યુ હતું કે અહીંયા તનાવપુર્ણ માહોલ બનાવવા માટે સુનિયોજિત અને જાણીજોઈને રચાયેલા ષડયંત્રના ભાગરુપે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે.તેમણે આરોપ લગાવ્યો છે કે ૧૦-૫૦વર્ષની મહિલાઓને આ મંદિરમાં પુજા કરવાથી અટકાવવા અને આ ઐતિહાસિક ઘટનાક્રમનું કવરેજ કરવા આવેલા પત્રકારો પર હુમલા કરવાનું ષડયંત્ર આરએસએસ દ્વારા રચાયું હતું.મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના તમામ ઉંમરની મહિલાઓને મંદિરમાં પ્રવેશની પરવાનગી આપવાના ચુકાદાને લાગુ કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે અને મંદિર પરિસરને યુધ્ધ ક્ષેત્રમાં તબદીલ કરવાની કોઈ પણ કોશિશને મંજુરી આપશે નહીં.------

## ભારતની લોકસભાની ચુંટણી પાકિસ્તાન માટે મહત્વનો મુદ્દો છે :૨૦૧૯ પછી ભારત સાથે દોસ્તીનો હાથ લંબાવવા પાક.વડાપ્રધાન ઇમરાનખાન નું નિવેદન

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને ભારત સાથેના સબંધોને લઈને સાઉદી અરેબીયામાં કહ્યુ હતું કે ભારતમાં લોકસભાની ચુંટણી ૨૦૧૯માં છે. ત્યારબાદ જ ભારત તરફ દોસ્તીનો હાથ લબાવીશું.ઈમરાનખાનનું કહેવું છે કે નવી દિલ્હીએ એટલા માટે દ્વિપક્ષીય વાતચીત પ્રસ્તાવને નકારી દીધો કારણકે પાડોશી દેશની ચુંટણીમાં પાકિસ્તાન એક મહત્વનો મુદો છે.સાઉદી અરબની રાજધાની રિયાધમાં ફયુચર ઈન્વેસ્ટમેન્ટ ઈનિશિયેટીવ ફોરમને સંબોધિત કરતાં ઈમરાને કહ્યુ હતું કે પાકિસ્તાન પોતાના તમામ પાડોશી દેશો અને ખાસ કરીને ભારત અને અફઘાનિસ્તાન સાથે શાંતિ ઈચ્છે છે.રેડીયો પાકિસ્તાનને ઈમરાનના હવાલાથી કહ્યુ કે ભારત સાથે શાંતિથી બંને દેશોએ શસ્ત્ર સ્પર્ધામાં વ્યસ્ત થવાને બદલે પોતાના સંસાધનોનો ઉપયોગ માનવ વિકાસ માટે કરવામાં મદદ મળશે.ઈમરાને વધુમાં કહ્યુ હતું કે આ રીતે અફઘાનિસ્તાન સાથે શાંતિથી પાકિસ્તાન દ્વિપક્ષીય આર્થિક તથા વ્યાપારિક ગતિવિધિઓ માટે મધ્ય એશિયાના દેશો સુધી પહોચવામાં સરળતા રહેશે.

આ દરમિયાન તેમણે એમ પણ કહ્યુ હતું કે ભારત તરફથી દોસ્તીનો હાથ લંબાવ્યો હતો પરંતુ ભારતે તેને નકારી દીધો હતો. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના વડાપ્રધાને ઓગષ્ટમાં સત્તા સંભાળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સુઝાવ આપ્યો હતો કે સપ્ટે.માં સંયુક્ત રાષ્ટ્રની સમાંતરે વિદેશમંત્રીઓની બેઠક યોજવામાં આવે. ભારતે આ પ્રસ્તાવ ઠુકરાવ્યો હતો.

## ૨૦૧૯ની લોકસભાની ચુંટણી માં વિપક્ષોને એક કરવા પ્રયાસ કરીશે અને મહાગઠબંધનની શક્યતા નહીવત બનશે : શરદ પવાર

મુંબઈ ખાતે યોજાયેલા એક ખાસ કાર્યક્રમ મંથનમાં એનસીપીના અધ્યક્ષ શરદ પવારે ૨૦૧૯ની લોકસભાની ચુંટણી અગાઉ મહાગઠન બંધનની શક્યતાને નકારી કાઢી હતી.જો કે તેમણે આ સાથે કહ્યુ હતું કે તેઓ ૨૦૧૯માં ભાજપને પરાજિત કરવા માંગે છે.અને તે માટે તેઓ વિપક્ષને એક કરવા માટે ચોક્કસ કામ કરશે.શરદ પવારે કહ્યુ હતું કે અમે મહાગઠબેધનની વાત કરી નથી અને દરેક રાજ્યમાં ગઠબંધનની સ્થિતિ અલગ છે.તેમણે કહ્યુ કે તેઓ ભાજપના વિરોધમાં ઉભેલા તમામ પક્ષોને એક મંચ પર લાવવાની કોશીશ કરશે. જો કે આ દરમિયાન તેઓ નેતૃત્વ કરશે એટલે કે વડાપ્રધાન બનાવાનો અવસર પ્રાત્પ કરશે કે કેમ એવા સવાલનો જવાબ સિફતપુર્વક ટાળ્યો હતો અને કહ્યુ હતું કે ૨૦૦૪માં કોણે વિચાર્યું હતું કે ડો.મનમોહનસિંહ વડાપ્રધાન બનશે.

શરદ પવારે કહ્યુ હતું કે ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં જો મોદી સરકાર પરાજિત થશે તો વિપક્ષોમાં સૌથી વધુ સીટો મેળવનાર કોઈપણ પાર્ટી વડાપ્રધાન પદ માટે દાવો કરી શકે છે.તેમણે કહ્યુ હતું કે મને આ માટે મહાગઠબંધનની કોઈ શક્યતા જણાતી નથી.

જો હાલમાં બસપા અને સપા પોતાના અલગ અલગ મંતવ્ય ધરાવે છે અને તેઓ હાલમાં કોઈ મહાગઠબંધનની શક્યતાઓ બાબતે વિચારતા નથી. એજ પ્રમાણે મમતા બેનરજી વિપક્ષોની એકતા માટે વિચારશીલ છે.પરંતુ તેઓને કેટલાક વિપક્ષી નેતાઓ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેકટ કરી રહ્યા છે પરંતુ તે શક્ય નથી.ચુંટણીઓમાં સૌથી વધુ સીટ મેળવનાર પાર્ટી જ વડાપ્રધાન પદના દાવેદાર બની શકશે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

છાસવારે તહેવારો દરમિયાન જનતા દુર્ઘટનાનો ભોગ બની રહી છે તે માટે વ્યવસ્થા તંત્રજવાબદાર છે.અમૃતસરની ટ્રેઈન દુર્ઘટના માટે રેલ્વે તંત્ર કે ટ્રેઈન ડ્રાઈવરને જવાબદાર ઠેરવવા કરતાં ટ્રેક ઉપર ભેગી થયેલી જનતાને કોઈ જવાબદારી નથી તેનું ભાન કરાવવાનું રહેશે. મંદિરોમાં તહેવારો દરમિયાન ભેગી થયેલા ભીડમાં શંકા કુશંકા અને અફવાને કારણે થતી ભાગદોડમાં થતી જાનહાની, કે તહેવારોમાં નદી સ્નાન કરવાની બાબતે હોડીઓ ડુબી જવાની ઘટનાઓમાં થતી હિંસા માટે કોની જવાબદારી ફિક્સ કરીશું ? જ્યાં સુધી જનતા પોતાની પવિત્ર ફરજ શિસ્તનું પાલન નહીં કરે તો ત્યાં સુધી આવી ગમખ્વાર ઘટનાઓ ઘટતી રહેશે તે નિશંક છે.

રેલ્વ તંત્રએ પોતાની ભુલ નથી કહીને હાથ અધ્ધર કરી દીધા અને સરકારી તંત્રએ અકસ્માતની મેજીસ્ટેરીયલ તપાસનો હુકમ અને મરનારને અમુક રકમની લ્હાણી કરી નાંખવાથી ઘટનાની ગંભીરતા ઓછી થઈ જતી નથી.જાહેર શિસ્ત લોકોમાં આવે તે માટે સખ્ત કદમ ઉઠાવવાનો પ્રયાસ સરકારોએ હવે કરવો રહ્યો.

એજ પ્રમાણે દિવાળી કે અન્ય તહેવારો અને લગ્ન પ્રસંગોમાં જાહેરમાં ફોડવામાં આવતાં ફટાકડાથી કેટલીક વાર અકસ્માતો સર્જાય છે તે જાન લેવા પણ હોય છે અને જીંદગીભરની ખોડ ખાંપણ મુકી જાય છે.કાયદાઓ માત્ર પોથી પુરતા રહી જાય છે અને તેનું પાલન થતું નથી. સરવાળે હોનારત સર્જાય ત્યારે બધુ યાદ આવે છે.હાલમાં સુપ્રીમ કોર્ટે દિવાળી પ્રસંગે ફટાકડા ફોડવા માટે સમય મર્યાદા નક્કી કરી છે. પરંતુ તેનો અમલ થાય છે કે નહી તે જોવાનું ર હ્યું. રાત્રીના ૧૨ વાગ્યા પછી જોરદાર ફટાકડા ફોડવામાં આવે છે.પરંતુ તેનો અમલ થતો નથી. પોલીસને આવા કાયદાઓમાં અમલ કરાવવાની ફુરસદ હોતી નથી.

## મંતવ્ય

દિવસે દિવસે લોકશાહીના માળખાનો ભંગ થતો જઈ રહ્યો છે અને તેમાંય પાછુ સત્તા સ્થાને બેઠેલા લોકો દ્વારા જ આ કરાઈ રહ્યું છે તેવો અહેસાસ થઈ રહ્યો છે.કોર્ટો એ આપેલા ચુકાદાઓ જોઈએ તો તેમાં સરેઆમ લોકશાહી માળખાના ભંગને લીધે આપેલા ચુકાદાઓ જોવા મળે છે.નાગરિકી સ્વતંત્રતા ઝુટવાઈ રહી છે.અર્થના અનર્થો કરીને દુરપયોગ કરવામાં માહીર લોકો અને સત્તાધારીઓ પોતાના કસબ બતાવી રહ્યા છે.કૌભાંડીઓ કાયદાની આડમાં અને ભ્રષ્ટાચારની આડમાં પોતાને સલામત મહેસુસ કરી રહ્યા છે. કેટલાક મોટા કૌભાંડીઓ દેશ છોડી ભાગી ચુક્યા છે.સીબીઆઈ જેવી તપાસ એજન્સી ને ભ્રષ્ટાચારનો લુણો લાગી ચુક્યો છે અને તે પોતાની વિશ્વસનીયતા ગુમાવી બેસી છે.

બી.એસ.પરિહાર

# જુલાઇ ૨૦૧૯થી દેશભરમાં એકસમાન સ્માર્ટ ડ્રાઇવિંગ લાઇસન્સ-આરસી બુક અપાશે

સરકાર જુલાઈ ૨૦૧૯થી દેશભરમાં એકસમાન સ્માર્ટ ડ્રાઈવીંગ લાઈસન્સ અને આર.સી બુક જારી કરવાની યોજના બનાવી રહી છે.સ્માર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સના રંગ, ફોર્મેટ અને ડિઝાઈન એકસરખાં રહેશે.તેમાં માઈક્રોચીપ ક્યુઆર કોડ પણ હશે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા જારી થનારા ડ્રાઈવિંગ લાઈસન્સ અને આરસી બુક એકસમાન રહેશે. તેમાં એકસમાન સિક્યોરીટી ફીચર્સ સામેલ હશે.સ્માર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સને નિય ફિલ્ડ કોમ્યુનિકેશન ફીચરથી સજ્જ કરાશે.આ પ્રકારનું ફીચર એટીએમ અને મેટ્રો કાર્ડમાં હોય છે. નવા લાઈસન્સમાં ડ્રાઈવરના ડેકલેરેશનથી માંડીને ઓર્ગન ડોનેશન સુધીની માહીતીનો સંગ્રહ થશે.ડ્રાઈવર જો દિવ્યાંગ હશે તો તેને માટે વિશેષ તૈયાર કરાયેલ વાહન ચલાવતા હશે તો તેને ઉલ્લેખ પણ ડ્રાઈવીંગ લાઈસન્સમાં રહેશે.તે ઉપરાંત આરસી બુકમાં વાહનના એમિશન નોર્મનો ઉલ્લેખ કરાશે.જેથી તેની મદદથી પીયુસીના ટસ્ટ કરવામાં સરળતા રહે.

# બળાત્કારી બિશપ ફ્રાન્કો વિરુધ્ધ કોર્ટમાં જુબાની આપનાર ફાધર કુરીયાકોસનું ભેદી સંજોગોમાં મોત નિપજ્યું

કેરળ નન રેપ કેસાં મહત્વના સાક્ષી અને આરોપી બિશપ ફ્રેન્કો મુલક્કલ સામે નિવેદન આપનાર ફાધર કુરીયાકોસનું ભેદી સંજોગોમાં મોત નિપજ્યું છે.તેમના પરિવારના સભ્યો આ એક સુનિયોજીત હત્યા હોવાનું કહી રહ્યા છે.તેમણે ઉમેર્યું કે કુરીયાકોસે અગાઉ પણ તેમના જીવન સામે ખતરાની ભીતી વ્યક્ત કરી હતી.ફાધર કુરીયાકોસની લાશ જલંધરના દાસુઆ સ્થિત સેન્ટ મેરી ચર્ચમાં મળી આવી હતી.મીડીયા રિપોર્ટસ મુજબ, તેમને અનેક દિવસથી ધમકી મળી રહી હતી.અને થોડાક સમય અગાઉ તેમની કાર પર હુમલો પણ થયો હતો.જોકે હાલમાં આ હત્યા છે કે આત્મ હત્યા તે અંગે કોઈ સ્પષ્ટતા નથી.

દાસુઆના ડીએસપી એ.આર. શર્માએ કહ્યુ છે કે પોસ્ટમોર્ટમનો રીપોર્ટ આવ્યા બ ાદ જ મોતના કારણને ખુલાસો થઈ શકે છે.તેઓ સેન્ટ પોલ ચર્ચમાં રહેતા હતા અને ત્યાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા.ફાધર કુરીયાકોસની ઉંમર ૬૨ વર્ષની હતી અને તેમની લાશ પરથી કોઈ ઈજાના નિશાન મળી આવ્યા નથી.એવું જાણવા મળ્યું છે કે તેમને બેડ પર વોમીટીંગ થઈ હતી.ઘટના સ્થળેથી બ્લડ પ્રેશરની ટેબ્લેટ પણ મળી આવી હતી. નન પર ૨૦૧૪ અને ૨૦૧૬ વચ્ચે ૧૩ વખત રેપના આરોપી બિશપ મુલક્કલ સામે પોલીસમાં નિવેદન નોધાવ્યું હતું.જો કે તેમના પરિવારના સભ્યો આ ઘટના મામલે હત્યાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે.તેમનો આક્ષેપ છે કે બિશપ સામે બોલવા બદલ ચર્ચમાં રહેતા લોકો તરફથી તેમને ધમકીઓ મળી રહી હતી. સરકારે રેપ કેસના સાક્ષીઓને રક્ષણ આપવું જોઈએ જેથી કેસ નબળા પડી ના જાય

## જાણવા જેવું !

ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ભારતમાં ટપાલખાતામાં પીનકોડની પ્રથાની શરુઆત ૧૯૭૨થી અમલમાં આવી હતી.

રોમને સાત પહાડોના શહેર તરીકે ઓળખવામાં આવે છે.


**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ધર્મ,સંપ્રદાય, જાતિ-જ્ઞાતિ, ભાષા કે પ્રાંતના વાડાથી બહાર આવી
# આવો, આપણે સૌ ભારતીયો એકતાનો સંકલ્પ કરીએ

## રાજ્યભરમાં એકતા યાત્રાને વ્યાપક જન સમર્થન
## એકતા યાત્રાની ઝલક

**૬૦થી વધુ એકતા રથ છે રાજ્યભરમાં પરિભ્રમણ**
**ગામે ગામ ફેલાયો સ્ટેચ્યુ ઓફ યુનીટી અને અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની એકતા અને અખંડિતતાનો સંદેશ**
**દરેક ગામમાં એકતા યાત્રાના ભવ્ય સ્વાગત સાથે લેવાઇ રહ્યા છે એકતાના શપથ**
**રાત્રી રોકાણના ગામોમાં યોજાય છે જાહેરસભા અને સાંસ્કૃતિક કાર્યક્રમો**

## અખંડ ભારતના નિર્માણમાં સરદાર વલ્લભભાઇ પટેલનું અદકેરુ યોગદાન રહ્યું છે

**શ્રી નીતિનભાઇ પટેલ,નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
**વડાપ્રધાન, ભારત**

**શ્રી વિજયભાઇ રુપાણી**
**મુખ્યમંત્રી,ગુજરાત**

# ભારતમાં સૌથી વધુ પ્રદુષિત ૧૦ શહેરો છે : ઝડપથી વધી રહેલા ભારતના અર્થતંત્રને પ્રદુષિત હવાનો ખતરો છે

એશીયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ ચીન ઘણા વખતથી ધુમ્મસભર્યા આકાશની સમસ્યા સામે ઝઝુમી રહ્યો છે.હવે વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધી રહેલી અર્થવ્યવસ્થાનો દેશ ભારત પણ પ્રદુષણની સમસ્યાનો સામનો કરી રહ્યો છે.વિશ્વના સૌથી વધુ પ્રદશિત શહેરોમાં ૧૦ શહેરો ભારતના જ છે.શિયાળાના આગમન સાથે સરકારની નીતિઓની કસોટી થશે.આ સમયે બેરોકટોક પાક સળગાવવામાં આવે છે અને દીવાળી સુધી તો વાયુ પ્રદુષણ વધુ ખતરનાક થઈ જાય છે.જો તમામ નીતીઓનો અમલ સફળતા લાગુ કરવામાં આવે તો ભારતના લોકો અને સરકાર વધુ ધનિક થઈ શકે છે.

વિશ્વબેન્કના આંકડા મુજબ હેલ્થ કેર ફી અને પ્રદુષણને કારણે પ્રોડક્ટીવીટીનું નુકશાન ભારતની જીડીપીના ૮.૫ ટકા જેટલું છે.ભારત આ વખતે વિશ્વનું સૌથી ઝડપથી વિકસિત થનારી અર્થવ્યવસ્થા છે. જો કે ચીનની અર્થવ્યવસ્થા ભારતની સરખામણીમાં પાંચગણી વધુ છે.ભારતમાં હવે પણ ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.જેના કારણે પ્રદુષણ વધવાની આશંકા છે.

ડોકટર અરવિંદકુમારે સર ગંગારામ હોસ્પીટલમાં ચેસ્ટ સર્જનમાં તેમની પ્રેકટીસની શરુઆત કરી હતી.ત્યારે ફેફસાના કેન્સરના વધુ દરદીઓ મેલ સ્મોકર હતા. તેમનું કહેવું છે કે હવે ૬૦ ટકાથી વધુ દરદીઓ એવા છે કે જે સ્મોકિંગ નથી કરતા અને તેમાંથી અડધાથી વદ્દુ તો મહિલાઓ છે.હવામાં હાજર નાના રજકણો અસ્થમાં અને લંગ કેન્સર જેવી બિમારીઓ જન્માવે છે.૨૦૧૫માં આ બીમારીને કારણે ૧૧ લાખ લોકોનું મોત થયું હતું.શિકાગો યુની.ના પ્રોફેસર માઈકલ ગ્રીનસ્ટોનનું કહેવું છે કે ભારતમાં વાયુ પ્રદુષણ ઘટાડવાની માંગ અસરકારક રીતે ન ઊભી કરવી એ એક મોટો પડકાર છે.ભારતમાં વાયું પ્રદુષણને કારણે થતાં મોતોનો અભ્યાસ જરુરી છે.

પર્યાવરણ મંત્રી હર્ષવર્ધને કહ્યુ છે કે અમે હાલમાં આ નથી કહી શકતા કે બધું ઠીક છે. પરંતુ સુધારો થયો છે. અમે પ્રયાસ કરી રહ્યા છીએ.મોદી સરકારે સોલાર પાવરને પ્રોત્સાહન આપ્યું છે. લોકોને ગેસ સિલિન્ડર અપાયા છે.ખેતરોમાં પાકના અવશેષોને સળગાવવા સામે પણ પ્રતિબંધ મુકવામાં આવ્યા છે.

### જાણવા જેવું !

કેળના વૃક્ષમાં લાકડું હોતું નથી.
સ્વિઝરલેન્ડ એકમાત્ર એવો દેશ છે.જેણે ક્યારે કોઈ દેશમાં દખલ કરી નથી.
સ્વાદમાં ખાટું મધ એકમાત્ર બ્રાઝીલના જંગલોમાં જોવા મળે છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
**સંપર્કઃ જહોન એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# બળજબરીથી લગ્ન કરી ધર્માંતર કરાવવાના આરોપો લગાવાયેલ કેરળના ચર્ચાસ્પદ બનેલા પ્રેમલગ્નમાં એનઆઇએને જેહાદના કોઇ પુરાવા મળ્યા નથી

કેરળમાં મહિલાઓને અને પુરુષોને દબાણપુર્વક લગ્ન કરાવવા અને તેમને ઈસ્લામિક ધર્મનો અંગીકાર કરવાની ફરજ પડાય છે તેવા આરોપોમાં તપાસ કરતી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી(એનઆઈએ)ને કોઇ પુરાવા મળ્યા નથી. આંતરધર્મ લગ્નોમાં તપાસ કરી રહેલી સંસ્થાને એવા કોઈ પુરાવા મળ્યા નથી આ કેસોમાં કાયદેસરની કાર્યવાહી ચલાવી શકાય.આ હિલચાલથી માહિતગાર એક અધિકારીએ જણાવ્યુ હતું કે એનઆઈએ સુપ્રીમ કોર્ટમાં આ સંદર્ભમાં કોઈ વધુ અહેવાલ સુપરત કરવાની નથી. એનઆઈએને લાગેવળગે છે ત્યાં સુધી તો કોઈ પુરુષ કે સ્ત્રીને કન્વર્ઝન માટે ફરજ પડાઈ હોય તેવા કોઈપુરાવા તેના હાથે લાગ્યા નથી.આથી આ મામલો બંધ કરી દેવાય છે. તેમણે એવું પણ કહ્યુ હતું કે ઉલટાનું તપાસના ગાળામાં તેમને ધર્મ પરિવર્તનના નિષ્ફળ રહેલા ત્રણ કેસો શોધી કાઢ્યા હતા.એનઆઈએએ કાયદાનું પાલન કરતી સંસ્થાઓ પાસે રહેલા લગ્નના ૮૯માંથી ૧૧ આંતરધર્મી લગ્નના કેસોમાં તપાસ કરી હતી.આ તમામ કેસો લગ્ન કરનાર દંપતીના વાલીઓએ નોધાવ્યા હતા.

# ગુજરાતના રમખાણો પરનો સીટનો અહેવાલ જુઠ્ઠાણું : નિવૃત લે. જનરલ

નિવૃત લે.જનરલ ઝમીરઉદ્દીન શાહે તેમના પુસ્તકમાં સરકારી મુસલમાનના વિમોચન પ્રસંગે જણાવ્યુ હતું કે ૨૦૦૨ના ગુજરાતના રમખાણો પરનો સીટનો અહેવાલ તદ્દન જુઠ્ઠાણું છે.૨૦૦૨ના ગુજરાતના રમખાણો દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિનંતી કરાઈ હોવા છતાં સેનાના પરિવહનમાં વિલંબ કરાયો હતો. લે. જનરલ ઝમીરઉદ્દીન શાહના આ પુસ્તકનું વિમોચન પુર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીએ કર્યું હતું.શાહે જણાવ્યુ હતું કે મે લખેલુ એકએક વાક્ય સત્ય છે.આખો ઘટનાક્રમ ભારતીય સેનાની વોર ડાયરીમાં નોધાયેલો છે.સમય આવશે ત્યારે આ વોર ડાયરી ઉપલબ્ધ કરાવાશે.

નિવૃત લે. જનરલ ઝમીરના પુસ્તકના ૨૦૦૨ના ગુજરાતના રમખાણો પરના હિસ્સાએ ભારે વિવાદ જગાવ્યો છે. તેમના જણાવ્યા અનુસાર ૩૦૦૦ સૈનિકો સાથે અમે અમદાવાદના એરપોર્ટ પર ૧ માર્ચ ૨૦૦૨ના રોજ સવારે સાત વાગ્યે ઉતરાણ કર્યુ હતુ પરંતુ અમને ટ્રાન્સપોર્ટ અને અન્ય લોજીસ્ટીક સપોર્ટ માટે રાજ્ય સરકાર દ્વારા એક દિવસ સુધી રાહ જોવડાવી હતી.

તત્કાલીન સંરક્ષણમંત્રી જ્યોર્જ ફર્નાંડીઝની હાજરીમાં ૧ માર્ચના પરોઢીયે નરેન્દ્ર મોદીને અમારી જરુરીયાતો પુરી કરવાની વિનંતી કરી હતી.ગુજરાતના રમખાણોની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલી સીટમાં નરેન્દ્ર મોદીને ક્લીટ ચીટ આપતાં જણાવવામાં આવ્યુ હતું કે સેનાને સહાય ઉપલબ્ધ કરાવવામાં રાજ્ય સરકાર દ્વારા કોઈ વિલંબ કરાયો નહોતો.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# મધ્યરાત્રિએ સીબીઆઇની કચેરીને પોલીસ દળે ઘેરાવો કરી કબજે કરાઇ



મોદી સરકારમાં અડધી રાત્રે કરવું એવું નસીબમાં લખાયું છે.સીબીઆઈના ડીરેક્ટરોના કરષ્શનનું કમઠાણ એવું થયું કે અડધી રાત્રે સીબીઆઈની ઓફીસ ફરતે પોલીસ ભરડો લઈને કચેરી કબજે કરવી પડી અને અધિકારીઓને તાત્કાલિક અસરથી રજા પર ઉતારી દીધા.

ત્યારબાદ સરકારે જારી કરેલા આદેશ મુજબ ૧૯૮૬ બેચના ઓરિસ્સા કેડરના આઈપીએસ અધિકારી એમ.નાગેશ્વરરાવે તાત્કાલિક અસરથી ચાર્જ લીધો અને ચાર્જ લઈને સીબીઆઈમાં કામ કરી રહેલા ૧૩ અધિકારીઓની ફોજને રાતોરાત અન્ય ઠેકાણે ટ્રાન્સફર કરી દીધા.બદલી કર્યા બાદ નવા અધિકારીઓની ફોજને ચાર્જ પણ સોપાઈ દેવાયો.જો કે નવા નિમાયેલા કાર્યકારી નિયામક પણ ભ્રષ્ટઅધિકારી હોવાના આરોપો જાણીતા એડવોકેટ પ્રશાંત ભુષણે મુક્યા છે. તેમણે ટ્વિટ પર જણાવ્યુ હતું કે તામિલ પોર્ટલ સાવુક્યું ઓનલાઈન ડોટ.કોમ દ્વારા ૫-૭-૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલા અહેવાલમાં આરોપ મુકે છે કે નાગેશ્વર રાવ ભ્રષ્ટાચાર અને હવાલાના કામ કરે છે.

સવાલ એ છે કે ભુતના સ્થાને પલીત આવ્યા એવું કહેવતમાં કહેવાયું છે તે સરકાર માટે હવે આકરુ છે.બે અધિકારીઓની લડાઈમાં સીબીઆઈમાં ઉચ્ચ સ્તરે ચાલતો ભ્રષ્ટાચા બહાર પડ્યો છે. મોદી સરકારની આબરુ ના લીરા ઉડી ગયા છે.હવે વિપક્ષો તેમની સામે કેવો મોરચો માંડશે તે સમય બતાવશે.

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.